# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-02-2026 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## બોર્ડની પરીક્ષાની તંત્ર દ્વારા તૈયારી

**આગામી 26મી ફેબ્રુઆરીથી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થઇ રહ્યો છે જેમાં કચ્છ જીલ્લામાં ધોરણ 10માં 27 હજાર 305 અને ધોરણ 12 સામાન્ય પ્રવાહમાં 15 હજાર 504 ઉપરાંત વિજ્ઞાન પ્રવાહનમાં 1 હજાર 566 મળી કુલ 44 હજાર 375 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે જણાવ્યૂં હતું કે પરીક્ષાર્થીઓ શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપી શકે તે માટે જરૂરી વ્યવસ્થા તમામ કેન્દ્રોમાં પૂર્ણ કરાઇ છે. બોર્ડ પરીક્ષા સંદર્ભે જિલ્લા કક્ષાએ કંટ્રોલરૂમ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે.**

**-----------------------------------------------------------------------------------------**

## ધોરડોમાં કોન્ફરન્સ

**વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે અને ક્લાઈમેટ ચેન્જના જોખમો સામે સજ્જ થવાના ઉમદા હેતુ સાથે ધોરડો ટેન્ટ સિટી ખાતે 'ક્લાઈમેટ-રેઝિલિયન્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ' વિષય પર બે દિવસીય કોન્ફરન્સનો ગઇકાલથી પ્રારંભ થયો છે. આયોજિત આ કાર્યક્રમમાં નિષ્ણાતોએ ક્લાઈમેટ ચેન્જના જોખમો સામે આગોતરા આયોજન અને 'ઝીરો કેઝ્યુઆલિટી'ના અભિગમ પર ભાર મૂક્યો હતો.**

**NCCSD ના ડૉ. કિરીટ શેલતે આ કોન્ફરન્સ અંગે વાત કરતા આ પ્રમાણે કહ્યું.**

**(ડૉ. કિરીટ શેલતે બાઇટ)**

**-----------------------------------------------------------------------------------------**

## આંગણવાડીઓનું નવીનીકરણ

કચ્છ જિલ્લાના ભૂલકાઓના સર્વાંગી વિકાસ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા **1,455** આંગણવાડીઓના નવીનીકરણની મહત્ત્વપૂર્ણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જિલ્લા વિકાસ અધિકારી અને **ICDS**ના નેતૃત્વ હેઠળ અત્યાર સુધીમાં **46** આંગણવાડીઓમાં રંગરોગાન અને મરામતની કામગીરી પૂર્ણ કરી તેને આધુનિક સ્વરૂપ આપવામાં આવ્યું છે.

આ સ્માર્ટ આંગણવાડીઓમાં શૈક્ષણિક ચિત્રો અને આધુનિક સુવિધાઓ દ્વારા બાળકોને 'ગમ્મત સાથે જ્ઞાન' પીરસવામાં આવશે. ખાનગી પ્લે-સ્કૂલ જેવી સવલતો સરકારી કેન્દ્રોમાં પૂરી પાડવા તંત્ર કટિબદ્ધ છે. પંચાયતોના સહયોગથી સ્વચ્છતા અભિયાન ચલાવી બાળકોને આરોગ્યપ્રદ વાતાવરણ અપાઈ રહ્યું છે. અન્ય કેન્દ્રોમાં પણ યુદ્ધના ધોરણે કામગીરી ચાલુ હોવાથી ગ્રામ્ય સ્તરે શિક્ષણનો ઉત્સાહ વધશે.

**-------------------------------------------------------------------------------------------**

## ગાંધીધામમાં દબાણ હટાવ ઝુંબેશ

ગાંધીધામના ઓસ્લો સર્કલથી કોટેશ્વર ચાર રસ્તા સુધી રૂપિયા **20** કરોડના ખર્ચે બનનારા ગૌરવપથ માર્ગને ખુલ્લો કરવા તંત્રએ શુક્રવારે મેગા ડિમોલિશન હાથ ધર્યું હતું. વરસાદી નાળાં પાસે વર્ષોથી નડતરરૂપ **245** દુકાનદારોને નોટિસ આપ્યા બાદ, શુક્રવારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને **5** જેસીબી સહિતની મશીનરી સાથે **244** દબાણો જમીનદોસ્ત કરવામાં આવ્યા હતા.

**-------------------------------------------------------------------------------------------**

## ગાંધીધામમાં અકસ્માત

ગાંધીધામના ટાગોર રોડ પર ગત મધરાત્રે એક ભયાનક માર્ગ અકસ્માતમાં બે આશાસ્પદ યુવકોના મોત નીપજ્યાં છે. પૂરઝડપે જતી કારે આગળ જતી એક્ટિવા અને અન્ય એક મોટર સાયકલને જોરદાર ટક્કર મારી હતી. આ દુર્ઘટનામાં મહેશ્વરીનગરના બે આશાસ્પદ યુવાનોના ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા જ્યારે અન્ય બે યુવકો ઘાયલ થયા છે.

**અકસ્માતનો ભોગ બનેલા ભાવિક મહેશ્વરીનો તે જ દિવસે ૨૫મો જન્મદિવસ હતો. પોલીસે કાર ચાલક સહિત ચારેય આરોપીઓની ધરપકડ કરી છે. હાલ પોલીસે આરોપીઓ વિરુદ્ધ કડક કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.**

**--------------------------------------------------------------------------------**

## <u>હવામાન</u>

**જાન્યુઆરીની કડકડતી ઠંડી બાદ હવે ફેબ્રુઆરીના પ્રારંભ સાથે જ કચ્છમાં શિયાળાની જાણે વિદાય થઇ રહી હોય તેવો અહેસાસ થઇ રહ્યો છે. હાલમાં સમગ્ર જિલ્લામાં મિશ્ર ઋતુ જેવો માહોલ જોવા મળી રહ્યો છે, જેમાં દિવસે ઉનાળા જેવો તાપ અને રાત્રે ગુલાબી ઠંડીની અનુભૂતિ થાય છે. આ દરમિયાન આજે નલિયા 13.2 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડું મથક રહ્યું છે, જ્યારે જિલ્લા મથક ભુજમાં 17.8 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે.**

**--------------------------------------------------------------------------------**

## <u>જી રામજી અંતર્ગત ભાજપની કાર્યશાળા</u>

**વિકસિત ભારત જી રામજી અંતર્ગત અંજાર તલુકા ભાજપની યોજાયેલી કાર્યશાળામાં આગામી કાર્યક્રમને સફળ બનાવવા પક્ષના કાર્યકરોને અનુરોધ કરવામાં આવ્યો હતો. કાર્યશાળામા રાજ્યકક્ષના મંત્રી ત્રિકમભાઇ છાંગાએ જણાવ્યૂ હતું કે જી રામજી યોજનાના માધ્યમથી 2047 સુધી વિકસીત ભારતની કલ્પના હોવાથી ગામડાઓને સમૃદધિ તરફ લઇ જઇને તેમણે થઇ રહેલા વિકસા કાર્યોની જાણકારી આપી હતી.**

**--------------------------------------------------------------------------------**